
વા.લ. રૂ. ૧૦૦/–
વા. સ. રૂ. ૧૦૦/–

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT
૧૫ ઓગષ્ટ, ૨૦૨૪
Vol. 19 No. 8

# આપણાથી દૂર ભાગતા ચાંદામામા




નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
www.satyashodhaksabha.com પર જાઓ.

# ભોલે બાબા જેવાના જાદુ કેમ ઓસરતા નથી ?

જેઓ પોતાને સાધુ કહેવડાવે છે એ આદિત્યનાથ એક અઠંગ રાજકરણી બની ઉત્તર પ્રદેશના મુખ્ય મંત્રી બન્યા છે. એમના જ હાથરસમાં ભોલે બાબાના સત્સંગમાં સ્વયંભૂ બે–અઢી લાખ ભકતો હાજર થઈ જાય છે. યોગીને આટલા શ્રોતા જોઈતા હોય તો લાખો રૂપિયા ખર્ચવા પડે ! સત્તા પર બેઠેલા સાધુ કરતાં સત્તા વગરના બાબા વધારે લોકપ્રિય છે ! ભોલે બાબાના સત્સંગમાં એકસો ને એકવીસ માણસો કે જેમાં મુખ્યત્વે મહિલાઓ અને બાળકો છે તે મરી ગયા તેના જેવું દુઃખદ શું હોઈ શકે ? આપણે રેશનાલિસ્ટો તો એક એક વ્યક્તિના અસ્તિત્વને મૂલ્યવાન ગણીએ છીએ, જ્યારે અહીં તો ૧૨૧ વ્યક્તિઓની લાશ પડી ગઈ ! કેટલું દુઃખદ ! આવું બને ત્યારે આપણે બાબાને જવાબદાર ઠેરવીએ તે વાજબી જ છે, પરંતુ આવું વારંવાર કેમ બને છે, તેનાં સાચાં કારણ શોધવાનો પ્રયત્ન કરવો એ જ તો વૈજ્ઞાનિક અભિગમ છે ને ! રેશનાલિઝમ છે ને ! આવું ગુરમીત રામરહીમ, નિત્યાનંદ, રામપાલ અને આસારામની બાબતમાં પણ બન્યું. આવું વારંવાર અને મોટા પાયા પર બને છે. ભકતો આ બાબત જાણે છે, છતાં એમની ભકિત ઓછી નહીં થવાનું કારણ જાણવું જ પડશે. સમજવું પડશે.

ભોલે બાબા દલિત છે. રામપાલ દલિત છે. અન્ય જે બાબાઓ છે તેના મોટા ભાગના ભકતો આર્થિક દ્રષ્ટિએ નીચલા મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગના છે. થોડા શ્રીમંતો અને શિક્ષિતો પણ એમના ભકતો હોય છે, પરંતુ સંખ્યાની દ્રષ્ટિએ એમનું પ્રમાણ ઓછું છે. જે વર્ગના લોકો મોટા પાયા પર ભકત બન્યા છે તેમને બાબાના ભકત બનતા અને એના સત્સંગમાં હજારો લાખો ભકતો સમાનતાના ધોરણે આવે છે, બેસે છે, જમે છે, સાંભળે છે અને ભજનો ગાય છે. તે બાબત આ ભકતોને ગૌરવ આપે છે. ખાસ કરીને દલિતોને વંશપરંપરાથી એમના થતા અપમાનમાંથી છૂટકારો મેળવ્યાનો ભાવ પેદા થાય છે. બાબાએ આ સમાનતા અપાવી એવો ખ્યાલ એમના મનપ્રદેશમાં દ્રઢ થાય છે. એમાં વળી બાબા નાના મોટા લાભના ટુકડા એમના તરફ ફેંકીને જાણે એમના નીજી સ્વાર્થને સંતોષતા હોય એવું એમને લાગે છે. તેઓ વૈજ્ઞાનિક અભિગમ અપનાવીને વિચારે જ નહીં, કે આ બાબાઓ એમનો ઉદ્ધાર કરશે કે બાબા આંબેડકરે ચીંધેલા શિક્ષણ, વૈજ્ઞાનિક અભિગમ અને પોતાના જ હકો પુનઃ મેળવવા માટે સંઘર્ષનો જે રસ્તો બતાવ્યો છે તે ઉદ્ધાર કરશે. સમાનતાનો ભકતો તરીકેનો ભાવ અને બાબાની ભકિતમાં તરબોળ થઈ જવાનાં કારણો પણ આવી ઘટનાઓના મૂળમાં પડેલા છે. અન્ય કારણો પણ હોઈ શકે. રેશનાલિસ્ટ તરીકે બનતી દુઃખદ ઘટનાનાં મૂળ કારણમાં જવાની પણ આપણી તૈયારી હોવી જોઈએ.

# સત્યાન્વેષણ

મુખ્ય સંપાદક

સૂર્યકાન્ત શાહ

બી. એ. પરીખ
સુગીત પાઠકજી

સંપાદક મંડળ

ડૉ. સુષ્મા અય્યર

મનસુખ નારિયા
જનક બાબરીયા

૧૫ ઓગષ્ટ, ૨૦૨૪ | સળંગ અંક : ૩૯૩ | Vol. 18 No. 8


## આપણાથી દૂર ભાગતા ચાંદામામા

–સૂર્યકાન્ત શાહ

સચરાચરમાં કશું સ્થિર નથી. કશું નિત્ય નથી. આ પરિવર્તનશીલતા પૃથ્વી, ચંદ્ર અને સૂર્યને પણ લાગુ પડે છે. આ ચાંદામામા આપણાથી જે અંતર રાખીને આપણી આજુબાજુ ફરે છે તે અંતર હંમેશ માટે જળવાઈ રહેવાનો પણ આપણને ભ્રમ છે. ચાંદામામા પર એક બાજુ પૃથ્વીનું અને બીજી બાજુ સૂર્યનું ગરુત્વાકર્ષણ અસર પાડે છે. એ આપણાથી માત્ર ૩,૮૪,૪૦૦ કિ.મી. દૂર છે. બીજી બાજુ, એ સૂર્યથી પંદર કરોડ કિ.મી. દૂર છે. આથી પૃથ્વીનું ચંદ્ર પરનું ગુરુત્વાકર્ષણ સૂર્યના ગુરુત્વાકર્ષણથી બળવત્તર છે. અલબત્ત, આ બંનેના ગુરુત્વાકર્ષણે ભેગા થઈને ચંદ્રનું પ્રવર્તમાન સ્થાન નકકી કર્યું છે.

ચંદ્ર પૂનમે અને અમાસે પૃથ્વીની સૌથી વધારે નજીક હોય છે. ચંદ્રની કક્ષા સંપૂર્ણ ગોળાકાર નથી તેથી એ હંમેશાં એક જ અંતરે રહેતો નથી. એના નજીકના અને દૂરના અંતરની સરેરાશ કાઢી વૈજ્ઞાનિકોએ એને આપણાથી ૩,૮૪,૪૦૦ કિ.મી. દૂર હોવાનું જણાવ્યું છે.  એ જ્યારે નજીક આવે છે ત્યારે એના ગુરુત્વાકર્ષણથી એ બીજું કશું નહીં પણ પૃથ્વી પરના સાગર–મહાસાગર જેવા વિશાળ જળરાશિને આકર્ષે છે. પરિણામે

---

**ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતિ કે જાતિની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. –સંપાદક મંડળ**

ભરતી આવે છે. આ ભરતીની પાછળ ઓટ આવે છે તેથી તે સમયે ચંદ્ર પરના પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ જરા ઓછું થાય છે. પરિણામ એ આવે છે કે ચાંદામામા પૃથ્વીથી દર વર્ષે ૧.૫ ઈંચ દૂર થાય છે. એની ભ્રમણાકક્ષા મોટી થતી જાય છે.

આપણાથી દૂર ભાગતા ચાંદામામાની વાત અહીં કોઈક વૈજ્ઞાનિક શોધને માત્ર ઉજાગર કરવાના હેતુથી દર્શાવવામાં આવી નથી. આ દર્શાવવાનો હેતુ સમગ્રપણે આપણી પ્રજાને અને તેમાંયે ખાસ જુવાનિયાઓને એ સંદેશો આપવો છે કે આપણે જ્યાં બેઠા છીએ અને જેના પર આપણે વસેલા છીએ તે પૃથ્વીમાં જ માત્ર નહીં, દૂરના એવા ચાંદામામા અને તેનાથી યે દૂર સૂરજદાદાને સમજવામાં આપણા સમય તેમ જ સાધનોનો ઉપયોગ કરીએ. અરે, સમગ્ર સચરાચરથી માંડી સૂક્ષ્માતિસૂક્ષ્મ વાઈરલને સમજવામાં આપણી શકિતનો સદુપયોગ કરીએ. જરા વિચારો તો ખરા કે જેમને ખગોળશાસ્ત્રમાં રસ છે અને તેનો અભ્યાસ કરે છે તે કેટલાં બધાં રહસ્યો ખોલી આપે છે.

એક વર્ષમાં ચાંદામામા આપણાથી માત્ર ૧.૫ ઈંચ દૂર જાય છે તેવું સૂક્ષ્મ સંશોધન કોઈકને કોઈક વૈજ્ઞાનિકે–માણસે કે તેના સમૂહે કર્યું છે. આપણે સચરાચરના રહસ્યો જોવા પામવા અને શોધી કાઢવામાં સમય–સાધન ખર્ચવા જોઈએ કે ભજનો ગાવા, બાંગ પુકારવા, પ્રેયર કરવામાં અને તાબોટા પાડવામાં સમય–સાધનનો બગાડ કરવો જોઈએ ? આપણે માન્યતાઓ પાછળ બરબાદ કરવો જોઈએ કે કાર્ય–કારણનો સાચો સંબંધ શોધવામાં ? આપણા ભારે નુકસાનકારક વહેમ અને અંધશ્રદ્ધાના શું પીડીત થવું જોઈએ ? ભારોભાર અનૈતિકતાથી ભરેલ ધાર્મિક નૈતિકતા થકી સમાજને અને આપણને સતત કંગાળ રાખવા જોઈએ કે સીધી સાદી પ્રમાણિકતા આચરીને સમાજના કુલ આનંદને વધારવો જોઈએ ? કહેવાનો મતલબ એ છે કે આ દૂર ભાગતા ચાંદામામા જેવી જે અનેક વૈજ્ઞાનિક શોધ થઈ છે, તેના વર્ણનમાં ફરી 'વિજ્ઞાન ભકિત'નું ગાંડપણ કરવાનું નથી. શોધ પાછળની વૈજ્ઞાનિક દ્રષ્ટિ તેમ જ અભિગમને આપણે જાતે અપનાવવાના છે. એક વાર આ અપનાવી જુઓ. જીવવાની બહુ મજા આવશે !

# જાતિ અને રેશનાલિઝમ

–તંત્રીલેખ

જે સમયમાંથી આપણે પસાર થઈ રહ્યા છીએ તે સમયમાં આપણે રેશનાલિસ્ટોએ આંખ–કાન બરાબર ખુલ્લા રાખી બનતા બનાવોને રેશનાલિઝમની દ્રષ્ટિએ ચકાસવાના ખૂબ જરૂરી થઈ પડયા છે.

વ્યકિતની ઓળખ જાતિથી થાય તે અભિગમ રેશનલ નથી એવું આપણે રેશનાલિસ્ટો માનીએ. આપણી કેટલીક માન્યતાઓ એના શુદ્ધ સ્વરૂપે અમલ કરવા યોગ્ય હોય છે, પરંતુ જે હકીકતો ઉભરીને સામે આવે છે તેના કેટલાક સંદર્ભો હોય છે. એ સંદર્ભને તપાસીએ તો આપણે આપણી માન્યતાઓ છોડવી પડે છે, અથવા એમાં સુધારા કરવા પડે છે. ભારતીય સમાજની પરિસ્થિતિમાં વ્યક્તિનાં થતા અપમાન, શોષણ અને વંચિતતા માત્ર આર્થિક કારણોએ થતાં નથી. કોઈ વ્યકિત આર્થિક રીતે ગરીબ હોવા માત્રથી જ હડધૂત થતી નથી. ભારતીય સમાજમાં વર્ણવ્યવસ્થા સ્વીકારવામાં આવી છે. એ વ્યવસ્થા તૂટે તે માટેના અત્યાર સુધીના પ્રયત્નોના ધારેલા પરિણામ આવ્યાં નથી. આ વ્યવસ્થામાં જેઓ શૂદ્રોથી ઓળખાય છે તેઓ સામાજિક કારણે જ અપમાનિત, શોષિત અને વંચિત રહ્યા છે. એમને એમના હકનું મળે, અને ન્યાય મળે તે માટે એમની જે જાતિગત ઓળખાણ છે તેને માન્યતા આપવી જ પડે. પરિણામ એ આવે છે કે વ્યક્તિ જાતિથી ઓળખાય છે ! જાતિથી વ્યકિતની ઓળખ નહીં કરવાનો રેશનાલિસ્ટોનો મત અહીં તૂટે છે. રેશનાલિઝમની દ્રષ્ટિએ જ આ અપમાનિતોને જાતિથી ઓળખવાનું વાજબી બની જાય છે. વર્ણવ્યવસ્થાએ ઊંચનીચના ભેદભાવને આપણા સમાજનું જનીન બનાવી દીધું છે. આથી આ શૂદ્રો પણ એમની વચ્ચે ઊંચ–નીચના ભદભાવને અમલમાં મૂકે છે. આ અપમાનિતોમાં પણ સામાન્ય અપમાનિત અને અતિઅપમાનિત જેવા ભાગ છે ! આથી અનામત કે બીજી કોઈ નીતિ હેઠળ શૂદ્રોને માટે લાભકારક જે કંઈ કરવામાં આવે તેનો લાભ સામાન્ય અપમાનિત લઈ જાય છે, અને અતિઅપમાનિતને તે લાભ મળતા નથી, અથવા ઓછા મળે છે. આથી સુપ્રીમ કોર્ટે પણ પોતાના અગાઉના નિર્ણયને બદલવો પડયો છે, અને સામાન્ય અપમાનિત અને અતિઅપમાનિત જાતિઓને જુદી પાડી અતિઅપમાનિત જાતિઓ માટે અલગ વ્યવસ્થા ઉભી થાય તેવી છૂટ આપતો

ચુકાદો આપવો પડયો છે. જુઓ, આપણે જાતિ આધારિત ઓળખનો વિરોધ કરીએ છીએ અને આપણે જ સંદર્ભો જોતા જાતિઆધારિત ઓળખને તો રેશનલ ગણીએ, પરંતુ હવે આગળ વધીને પેટા–જાતિની ઓળખને પણ વાજબી ગણવા સુધી પહોંચી જવું પડે છે !

અપમાનિતોને ન્યાય અને એમને એમના હકનું મળે તે માટે આપણે જાતિ આધારિત વાજબી ગણીએ તેટલું પૂરતું છે. એનાથી આગળ વધવાનું અયોગ્ય બનશે. એ અપમાનિતો ગુનો કરે તેને માફી આપી શકાય નહીં. અપમાનિતોમાંના સામાન્ય અપમાનિતો અતિ અપમાનિતોનું શોષણ કરે તે વાજબી ગણી શકાય નહીં. અપમાનિતોના લાભાર્થે જે કંઈ પગલાં લેવાય તેનો ઉપયોગ કરી એ આર્થિક–સામાજિક ઊંચો દરજ્જો પ્રાપ્ત કરી લે પછી એના વંશવારસોને તે લાભ આપવાનું વાજબી ગણી શકાય નહીં ! જાતિની ઓળખ શોષિતોના શોષણ અટકાવવા પૂરતી સીમિત રહે તે જ રેશનલ અભિગમ છે.

શોષિતોને જાતિથી ઓળખવામાં આવે છે તો જેઓ સમાજમાં ઊંચો દરજ્જો પ્રાપ્ત કરીને બેઠાં છે તેઓ પણ જ્ઞાતિ–જાતિનાં ધોરણો અને મૂલ્યોને જાળવે અને સંવર્ધન કરે તેને રેશનાલિસ્ટો ટેકો આપી શકે નહીં. મેઘવાળ જાતિના સભ્યોને ઓળખી એમને ન્યાય અપાવવા માટે જે કંઈ થાય તેવો જ લાભ સવર્ણોની કોઈ જ્ઞાતિ–જાતિને આપવું વાજબી નથી જ.ખાસ ધ્યાન રાખવા જેવી બાબત એ છે કે આપણા સમાજમાં સામાજિક કારણોએ મોટે ભાગે ઊંચ–નીચના ભેદભાવ પ્રવર્તે છે. આથી, સામાજિક ભેદરેખાઓ ઓળખવી જ પડે છે. એ કરવું રેશનલ જ છે, પરંતુ તે જ બાબત જેઓ સામાજિક દ્રષ્ટિએ ઉચ્ચ છે. શોષક છે અને સન્માનીય છે તેમને લાગુ પાડી શકાય નહીં. આમ રેશનાલિઝમની વિચારધારા એના શુદ્ધ સ્વરુપે સર્વત્ર લાગુ પાડી શકાતી નથી. હકીકતોના સંદર્ભ તપાસી–સમજીને જ એમાં જરૂરી સુધારા કરવાની લચકતા દાખવીને જ આગળ વધી શકાય.

---

**'સત્યાન્વેષણ'નું વાર્ષિક લવાજમ (સત્યશોધક સભાના સભ્યપદ સાથે) રૂા. ૨૦૦ અને આજીવન રૂા. ૨,૦૦૦/– છે. મ. ઓ. કરો. જેઓ બેન્કમાં સીધા જમા કરાવવા માંગતા હોય તેઓ બેન્ક ઓફ બરોડા, પાર્લે પોઈન્ટ, સુરતના બચત ખાતા નં. 02580100015605, IFSC = BARB0PARLEP માં જમા કરાવી શકે છે. તેઓ જમા કર્યાનું કાઉન્ટર અત્રે મોકલાવે, અથવા મો. નં.–૯૯૭૮૮ ૯૬૩૬૪ પર ફોટો મોકલે.**

# કુદરતનો કાનૂન તૂટે ત્યારે

મોટા ભાગના રેશનાલિસ્ટો માને છે કે કુદરતનો કાનૂન અફર છે. એમાં કોઈ ભંગ, અપવાદ કે ફેરફાર થતો નથી એવુ નથી. કુદરતના કાનૂનમાં ભંગ, અપવાદ અને ફેરફાર થાય છે. તે કેમ થાય છે તેનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. આથી કેટલીકવાર કાર્યકારણના નિયમનું પણ સાર્વત્રીક પાલન થતું દેખાતું નથી. આ કાનૂન જ્યારે તૂટે છે ત્યારે એ કાનૂન જે ક્ષેત્રોમાં અસર વર્તાવે છે ત્યાં 'ગોટાળો' (chaos) પેદા થાય છે. ગણિતશાસ્ત્ર ચોકસાઈ ધરાવતું શાસ્ત્ર છે. આથી એનાં સમીકરણો ત્યાં કામ કરતા નથી. એની ગોટાળાવાળી પરિસ્થિતિને સમજવા માટે જરા અચોકસાઈભર્યા વિધાનો તૈયાર થાય છે. 'સંભવિતતા' 'કદાચ' 'વિસ્તાર' 'બને પણ ખરું, ન પણ બને !' જેવા શબ્દપ્રયોગો એવા વિધાનોમાં કરવા પડે છે. આવું 'આશરે' વલણ હવે વૈજ્ઞાનિક થયું છે. ખુબી એ છે કે આવા 'આશરે' 'લગભગ' વલણની મદદથી જ આપણે ચોકસાઈ પર પહોંચીએ છીએ ! ઉદાહરણ તરીકે પૃથ્વી અને સૂર્ય વચ્ચેનું અંતર પહેલા 'આશરે'થી જ મપાયું, પરિણામે હવે એમાં ચોકસાઈ આવી છે !

કુદરતના કાનૂન સમજવામાં સરળ છે, પરંતુ એ કાનૂન પ્રમાણે જ્યારે વિવિધ તત્ત્વો વર્તન કરે છે, ત્યારે તેના પરિણામો ખૂબ ગુંચવાડાવાળા અને સંકુલ આવે છે. એક ગજબની પરિસ્થિતિ પેદા થાય છે. કારણને સહેલાઈથી સમજો, એનાં પરિણામો સમજવા માટે તમારી બધી જ બુદ્ધિશકિત વાપરી નાંખો, તો પણ કદાચ બધું જ નહી સમજાય !

## સૂર્ય વિશે જાણવા જેવું

આપણે પ્રકાશના વૈવિધ્ય દ્વારા સૂર્યને વધારે સમજવા માંગીએ છીએ : સૂર્ય એક ઝાંખો તારો છે. એ એની ધરી પર ફરે છે. કારણ તો ખબર પડી નથી, પરંતુ જેટલી માહિતી એકત્રિત થઈ છે તેના આધારે એવો અંદાજ બંધાય છે કે, એની સપાટી એક સરખું જ તાપમાન ધરાવે છે ! અન્ય તારાઓનું આવું નથી. એમની સપાટી પરના તાપમાનમાં ફેરફારો થાય છે. હવે જો સૂર્યની આ લાક્ષણિકતાને એક ધારણા બનાવીને અન્ય તારાઓના તાપમાનના ફેરફારને માપવામાં આવે, તો અવકાશના એક મહત્વના પરિબળને સમજવાનું મળે. સાથે સાથે સૂર્ય જેવા અન્ય તારા શોધાય તો આપણી માહિતીમાં ઘણો વધારો થાય !

## સચરાચરનાં ચાર પાસાં

સચરાચરનાં લંબાઈ, પહોળાઈ અને ઊંડાઈ તો જાણીતા ત્રણ પાસા છે જ. એમાં ચોથુ 'સમય' ઉમેરવાનું. બિગ બેંગ પછી જે સચરાચર પેદા થયું તેમાં આ ચોથા પાસાંને સામાન્ય માણસ અવગણે છે. કારણ કે એના જીવનમાં જે પદાર્થોનો એને ભેટો થાય છે એના એ ત્રણ જ પાસાં જુએ છે. બીગ બેંગથી જ સમય પાસું પેદા થયું. એ પૂર્વે સમય પણ નહોતો. લંબાઈ, પહોળાઈ અને ઊંડાઈ તો નહોતા જ, પરંતુ સમય પણ નહોતો. આથી વિજ્ઞાનને સતત ખોટું પાડવા માટે રાત–દિવસ એક કરનારા અવૈજ્ઞાનિકતાવાળા સવાલ પૂછયા જ કરે છે કે બિગ બેંગ પહેલાં શું હતું ? 'પહેલા' શબ્દ સમય સૂચવે છે. અરે, ભલા માણસો ! જો સમય જ ન હતો.  તો તે પહેલાં શું હતું ? સવાલ જ અવાસ્તવિક બને છે. આથી 'એના પહેલાં શું હતું' પૂછવાનું માંડી વાળીને તેઓ પ્રવર્તમાન સચરાચરને સમજવામાં એમની શકિત વાપરે.

---

## પરસ્પર વિરોધી નિવેદનો કરતા દયાનંદ

ઈ. સ. ૨૦૧૮ની 'સત્યાર્થ–પ્રકાશક'ની આવૃત્તિના પાના નંબર ૧૧૪ પર દયાનંદ જણાવે છે કે 'મુક્તિ એ જ છે કે જેનાથી નિવૃત્ત થઈને જીવ સંસારમાં પાછો કદી આવતો નથી. આ જ આવૃત્તિના ત્યાર પછીના તરતના જ પાના નંબર ૧૧૫ પર દયાનંદ જણાવે છે કે, 'અમે આ સ્વપ્રકાશ સ્વરૂપ અનાદી, સદા–મુક્ત પરમાત્માનું નામ પવિત્ર જાણીએ કે જે અમને મુકિતમાં આનંદ ભોગવાવીને પૃથ્વી પર ફરીથી માતા–પિતાના સંબંધમાં જન્મ આપે છે.' દયાનંદની કઈ વાત સાચી માનવી ? જો કે રેશનાલિસ્ટો માટે બન્ને વાત ખોટી છે, કારણ કે વાસ્તવમાં 'મુક્તિ' જેવું કશું છે જ નહીં, અને જીવના જન્મજન્માંતર હોતા જ નથી. આમ છતાં, દયાનંદની આ સંદર્ભે જે વધારાની વાત છે તે પણ આશ્ચર્ય પમાડે એવી છે. એમણે મુક્તિમાં જીવ કેટલો રહે તે ગણી કાઢ્યું. એ ગણતરીનો કોઈ આધાર આપ્યો નથી. એમાં દયાનંદ માટે નવું નથી. બધા જ ધર્મોના ઠેકેદારો નિરાધાર વાતોના ગપ્પાં માર્યે જ જાય છે ! દયાનંદ જણાવે છે કે, 'એકત્રીસ શંકુ, દશ ખર્વ અને ચાળીસ અબજ વર્ષ સુધી જીવ મુક્તિમાં સુખ ભોગવે છે ! વધારામાં એમને પરમાત્માની વખારની સંગ્રહ–શક્તિની મર્યાદા પણ ખબર છે, કારણ કે અબજો–અબજો–અબજોના વર્ષો પછી જીવને ફરીથી જન્મ–મરણમાં એટલા માટે મોકલવાનો કે 'મુક્તિને અનંત માનવાથી તો મુક્તિના સ્થાનમાં ભારે ભીડભાડ થઈ જશે !'

# મનુષ્ય પ્રકૃતિનું સર્જન છે

**–એન. વી. ચાવડા**

**(હવે આપણી વચ્ચે એન. વી. ચાવડા નથી. તેઓશ્રી શબ્દદેહે આપણી વચ્ચે જીવિત છે. એ શબ્દદેહના ભાગસ્વરુપ એમણે સત્યશોધક સભાને કેટલાક લેખ મોકલ્યા હતા. એમની યાદ તાજી રાખવા એ પૂરા થાય ત્યાં સુધી અત્રે પ્રગટ કરતા રહીશું. –સૂ.)**

મનુષ્ય પ્રકૃતિનું સર્જન છે, નહી કે કહેવાતા પરમકૃપાળુ પરમેશ્વરનું. મનુષ્ય જો કહેવાતા પરમ કૃપાળુ પરમેશ્વરનું સર્જન હોય તો એનો અર્થ એમ થાય કે દુષ્ટ અને દુર્જન મનુષ્યો ઈશ્વરે બનાવ્યા છે. એનો અર્થ વળી એમ થાય કે દુષ્ટ–દુર્જનો દ્વારા જે ખૂનો, અત્યાચાર, બળાત્કાર અને ભ્રષ્ટાચારો થાય છે તેમાં સંડોવાયેલા દુષ્ટ મનુષ્યોની એમાં કોઈ જવાબદારી નથી, કારણ કે ઈશ્વરે એમને એવા બનાવ્યા છે. તેથી મજબૂરીવશ તેઓ એવા અધમ કૃત્યો કરે છે. તેથી એમાં જો કોઈ જવાબદાર હોય તો તે કેવળ ઈશ્વર જ તેમાં જવાબદાર છે. લાગે છે કે આપણા બુદ્ધિજીવી વિદ્વાન ધર્મપ્રચારકોએ ઈશ્વર અંગેની આવી માન્યતા ફેલાવેલી હોવાથી જ અધમ મનુષ્યોને અધમ કૃત્યો કરવાની પ્રેરણા નિરંતર મળતી રહે છે. અર્થાત્ પોતાના જૂઠ, લૂંટ અને અત્યાચારી કૃત્યોને પણ મનુષ્ય ઈશ્વર દ્વારા નિર્મિત વ્યવસ્થાના ભાગ રૂપે સમજીને તે નિરંતર આચરતો રહે છે અર્થાત્ મનુષ્યનો સર્જક ઈશ્વર હોવાની કલ્પનાએ આ સંસારને કેવો કદરૂપો બનાવ્યો છે તે આપણે જોઈ શકીએ છીએ.

વાસ્તવમાં આ જગતમાં જો કોઈ ન્યાયી, દયાળુ અને સર્વશક્તિમાન ઈશ્વર અસ્તિત્વ ધરાવતો હોય તો, અને તે મનુષ્યનો સર્જક હોય તો તે, દુષ્ટ દુર્જનોનું સર્જન કદી કરે જ નહીં, કારણ કે તે એની ન્યાય અને દયાળુની ભાવનાને જ ખતમ કરે છે અર્થાત્ દુષ્ટ અને દુર્જન મનુષ્યોનો કર્તા ન્યાયી અને દયાળુ કેવી રીતે કહેવાય ? તેથી સ્પષ્ટ થાય છે કે મનુષ્યનો સર્જક ઈશ્વર નથી.

વાસ્તવમાં મનુષ્યનો સર્જક પ્રકૃતિ છે. જીવ માત્રનું સર્જન કરનાર પ્રાકૃતિક તત્વો જડ, અંધ અને અવિચારી છે. તેમાં સર્જન–વિસર્જનની પ્રક્રિયા સ્વયંભૂ રીતે નિરંતર ચાલતી રહે છે. તેથી તે હિંસાત્મક અને દ્વંદ્વમય છે, તથા તેમાં માત્ર બળનો નિયમ કામ કરે છે. તેથી તેમાં નિરંતર શુભ–અશુભ, ખરાં–ખોટાં જેવાં પરસ્પર વિરોધી કૃત્યો ચાલતાં રહે છે. જેથી તેમાં મનુષ્યને મારનાર અને બચાવનાર કોઈ ઈશ્વર નહીં, પરંતુ પ્રકૃતિકૃત મનુષ્ય જ છે. તેથી સંસારને સુંદર બનાવવા માટે મનુષ્યે નિરંતર સ્વસ્થ, સુંદર અને વિકસીત મનુષ્ય બનવું જ રહ્યું.

# ચિંતનકણિકા

**સંપાદન : મોહન પટેલ**

* તમારા પર કોઈક મુશ્કેલી આવી જાય કે – નિરાશા – મૂંઝવણની સ્થિતિ આવી જાય તો તેનો સહજ–કુદરતી ભાવે સ્વીકાર કરો – તો તેનો જલદી ઉકેલ આવશે. મનની હતાશા – લાચારી કે નારાજગી દૂર કરી હકારાત્મક પ્રયાસો સફળતા અપાવશે. –મોહન પટેલ
* When there is no vision, There is no vision, There is no hope. -George Washington Carver.
* AT THE TOUCH OF LOVE EVERY MAN BECOMES POET. - Plato
* કોઈને કહેવું નહીં કે – મને તારામાં વિશ્વાસ નથી. –વિદૂરનીતિ
* ગરીબ એ છે કે જેને સંતોષનો અનુભવ નથી. –જાપાની કહેવત
* Language is the dress of thought. -Samual Johanson

# અપીલ

ગુજરાતી–ભાષીઓ માટે રેશનાલિઝમ પર ચિંતન કરતું એક માત્ર 'સત્યાન્વેષણ' માસિક છે. માત્ર ગુજરાત–મુંબઈમાં જ નહીં, પરંતુ અન્યત્ર પણ ગુજરાતીભાષીઓ વસે છે. એ સૌને અપીલ કરવાની કે આપ સૌ 'સત્યાન્વેષણ'ના વાચક બનો. પ્રવર્તમાન વાચકોને પણ વિનંતી કે તેઓ દરેક બીજા પાંચ વાચકો બનાવી આપે. આપણું 'સત્યાન્વેષણ' દરેક મહિનાની પંદરમીએ નિયમિતપણે બહાર પડે છે. એનું વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/– અને આજીવન રૂા. ૨૦૦૦/– છે. તે મ.ઓ. થી કે સત્યશોધક સભાના બૅન્ક ઑફ બરોડાના ખાતામાં સીધા જમા કરાવી શકાય છે. સત્યશોધક સભાને આપવામાં આવતું દાન આવકવેરામાં રાહતને પાત્ર છે.

* દરેક 'સત્યાન્વેષણ'ના પહેલા ટાઈટલ પર વાચકોને જણાવવામાં આવે છે કે 'સત્યાન્વેષણ' www.satyashodhak sabha.com પર વાંચવા મળશે. ઉપરાંત જો વાચક એનો મોબાઈલ નંબર અને ઈ–મેઈલ એડ્રેસ આપશે તો એને આ જ લવાજમ હેઠળ PDF મોકલવામાં આવશે.

# કેનોપનિષદ્ ચિંતન

–પ્રવિણ ગઢવી

કેન ઉપનિષદ્ 'તલવકાર બ્રાહ્મણ' ગ્રંથ અંતર્ગત છે. તેના અસ્તિત્વ વિશે પહેલા શંકા હતી, પરંતુ અંગ્રેજ વિદ્વાન બર્નેલે તેની પ્રત શોધી, તેથી બચી ગયું. પ્રથમ શ્લોકમાં કેન શબ્દ આવવાથી તે કેનોપનિષદ્ કહેવાય છે. કેન એટલે કોના દ્વારા ?

ખંડ–૧, શ્લોક–૧ માં શિષ્ય ગુરુને પ્રશ્ન કરે છે કે જડરૂપ અંતઃકરણ પ્રાણ, વાણી, આદિ કર્મેન્દ્રિય અને અશ્રુ આદિ જ્ઞાનેન્દ્રિયને કાર્ય કરવાની યોગ્યતા આપનાર અને એમને સક્રિય રાખનાર સર્વશક્તિમાન ચેતન છે, તે કોણ છે ? કેવો છે ?

શ્લોક–૨ માં ગુરુ ઉત્તર આપે છે કે જે મનનું મન, પ્રાણનો પ્રાણ, વાચનો વાક્, શ્રોતેન્દ્રિય (કાન) નો કાન અને આંખની આંખ છે, તે પરમાત્મા છે. જ્ઞાનીઓ એને જાણી જીવનમુક્ત થઈ આ લોકથી ગયા પછી અમર થઈ જાય છે. અર્થાત્ મોક્ષ મેળવે છે.

વેદકાળના આર્યો સુખ–સમૃદ્ધિ માટે જ દેવોની સ્તુતિ કરતા અને યજ્ઞમાં પશુનો હોમ અપતા, તેનો પ્રસાદ આરોગતા. પરંતુ ઉપનિષદ્ના ઋષિઓએ યજ્ઞમાર્ગને બદલે જ્ઞાનમાર્ગ લીધો, એટલે કે પોતાના વિશે અને વિશ્વકર્તા વિશે ચિંતન કરવા લાગ્યા. એમાંથી એમને સૂઝયું કે વિશ્વ સર્જનાર કોઈ પરમ તત્ત્વ અને તેજ આપણા શરીરની ઈન્દ્રિયોને સતેજ રાખતો હશે. વાસ્તવમાં એકકોષી જીવની પાણી, સૂર્યપ્રકાશ અને માટીના રાસાયણિક સંયોજનથી ઉત્પત્તિ થઈ, તે પછી બે કરોડ વર્ષે માણસ બન્યો. જરૂરિયાત પ્રમાણે ઈન્દ્રિયો વિકસી. જેમ કે સાપને કાન નથી, ઊંડા જળની માછલીને આંખ નથી, પશુઓને સ્વાદ નથી. તો આપણી આંખ, કાન, નાક, સ્પર્શ, સ્વાદ અને કામ એ ઈન્દ્રિયો ભગવાને નહિ પણ ઉત્ક્રાંતિએ આપી છે.

શ્લોક–૩ માં આ પરબ્રહ્મને પ્રાકૃત અર્થાત્ આપણી ઈન્દ્રિયોથી પામી ન શકાય, તેને પોતાની બુદ્ધિથી સમજી ન શકાય કે અન્ય કોઈ સમજાવી ન શકે, કેમ કે તે પદાર્થ જગતથી ભિન્ન છે, સર્વોપરી છે. પૂર્વાચાર્યોએ બ્રહ્મની વ્યાખ્યા કરી સમજ આપી છે. એક તરફ ગુરુ કહે છે કે તે પોતાથી કે અન્યથી બ્રહ્મતત્વ સમજી શકાય તેવો નથી. તો પૂર્વાચાર્યો એ કેવી રીતે સમજાવ્યું ? વાસ્તવમાં તો ઋષિઓની કવિ કલ્પનાઓ

છે. કોઈ પરમ બ્રહ્મતત્વ નથી. માત્ર પદાર્થ જગત, ગ્રહો, સૂર્યો, નક્ષત્રો, નિહારિકાઓ આદિ પ્રવર્તે છે.

શ્લોક–૪ : જે વાચા દ્વારા સમજાવી શકાતો નથી, પરંતુ જેનાથી વાણી બોલાય છે. એને જ તું બ્રહ્મ સમજ, વાણી દ્વારા બતાવવામાં આવે છે, અને જે તત્ત્વની ઉપાસના લોકો કરે છે તે સાચું બ્રહ્મતત્વ નથી. બ્રહ્મતત્વ વાણીથી અતીત છે. પરંતુ જેના દ્વારા વાણી બોલાય છે, તે બ્રહ્મ છે.

ગુરુ કહે છે એવું જ હોત તો પશુઓ પણ બોલતા હોત. માણસ સંસ્કૃત, અરબી, કે ગ્રીકને બદલે એક જ ભાષા બોલતો હોત. ભગવાને વિવિધ વાણી કેમ આપી ? વાસ્તવમાં માણસ ટોળીમાં રહેતો હતો ત્યારે શિકાર કરતી વખતે ઈશારાની અને સાધારણ ઉહ..આ ... એવા ઉચ્ચારો કરતા શીખ્યો હતો. પછી ટોળીમાંથી સમાજ બન્યો, સમાજમાંથી રાજય બન્યું. ભૌગોલિક પ્રદેશો પ્રમાણે વિવિધ ભાષાઓનો જન્મ થયો. વિશ્વમાં અંગ્રેજી બોલનાર ૧૪૬ લાખ લોકો છે. તો મિઝો ભાષા બોલનારા માંડ ૧૦ લાખ છે. એટલે ભાષા માણસે વિકસાવી છે. પશુ–પંખી વિકસાવી શકયા નથી.

બ્રહ્મ વિષે ઉપનિષદ્‌ના ઋષિઓ આંધળે બહેરું કૂટે છે એમ કહેવાય.

શ્લો–૫ : જે મન દ્વારા ન સમજાય, પરંતુ મનને ઉત્પન્ન કરનારો તે છે. એને તું બ્રહ્મ જાણ. મન બુદ્ધિથી લોકો જેની ઉપાસના કરે છે તે બ્રહ્મ નથી.

મન કહો કે ચેતના, તેનો વિકાસ ક્રમશઃ ઉત્ક્રાંતિદરમિયાન થયો છે. દરેક જીવના મુખ્ય ઉદ્દેશ બે જ છે – જીવવું અને વંશવૃદ્ધિ કરવી. અર્થાત્ જીવિત રહેવા માટે જરૂરી છે, તેવી અને તેટલી જ ચેતનાનો વિકાસ થયો. કીડી મનુષ્ય જેવું વિચારી શકતી નથી, મનુષ્ય જીવવાનો સંઘર્ષ કરતો બે પગે ચાલતો થયો, મસ્તિષ્ક મોટું થતું ગયું. માકર્સના કહેવા મુજબ હાથના કારણે મસ્તિષ્કનો વિકાસ થયો. વિજ્ઞાન પ્રમાણે બંનેનો અરસપરસ કારણે વિકાસ થયો. માણસ ઉત્ક્રાંતિના પરિણામે સર્વોચ્ચ ચેતના ધરાવે છે. એટલે માણસ વિશ્વની, જીવની ઉત્પત્તિ વિશે પ્રથમ વિચારતો થયો, પછી ચાર્વાક જેવા વૈજ્ઞાનિકોએ ચીલો ચાતર્યો અને ભૌતિક વિજ્ઞાનનો પ્રારંભ થયો.

આમ, મન કે ચેતના ઈશ્વરદત્ત નથી, પ્રકૃતિદત્ત છે.

ટૂંકમાં શ્લોક ૪, ૫, ૬, ૭,, ૮ સુધી ઋષિ ક્રમશઃ મન, પ્રાણ, વાણી, શ્રવણ, ચક્ષુ દ્વારા બ્રહ્મને સમજી શકાતો નથી, પામી શકાતો નથી, તેના દ્વારા લોકો જે સમજે છે તે બ્રહ્મ નથી. બ્રહ્મ સર્વથી અતીત છે એમ કહે છે. પરંતુ ઉપર કહ્યું તેમ ઈન્દ્રિયોનો વિકાસ ઉત્ક્રાંતિને કારણે થયો છે, બ્રહ્મતત્ત્વ દ્વારા નહિ, એ વૈજ્ઞાનિક સત્ય છે.

ખંડ ૨, શ્લોક ૧ માં ગુરુ કહે છે કે મેં ઉપર સમજાવ્યું તેટલા માત્રથી જો તું સમજતો હોય કે બ્રહ્મને જાણી ગયો તો તું ભ્રમમાં છે. પરબ્રહ્મનો અંશ એવો જીવાત્મા, મન, બુદ્ધિ, પ્રાણ, ઈન્દ્રિય માત્ર બ્રહ્મ નથી.

શ્લોક – ૨/૩ માં ગુરુ કહે છે, જે એવું માને છે બ્રહ્મ જાણી ન શકાય, તે જાણે છે. જે એવું માને છે કે બ્રહ્મ જાણું છું તે નથી જાણતો. જાણવાનું અભિમાન કરનારા બ્રહ્મને જાણતા નથી, પરંતુ જે એવું અભિમાન નથી કરતો એ બ્રહ્મ તત્ત્વને જાણે છે.

અર્થાત્ ખરેખર બ્રહ્મ તત્વ શું છે, તે અંગે કોઈ સ્પષ્ટતા નથી. જો ઈન્દ્રિયો દ્વારા ન જાણી શકાય તો કેવી રીતે જાણી શકાય ? જેને કોઈ જુએ, જાણે, સમજે નહિ તેવા બ્રહ્મતત્વની કલ્પનાને અધ્યાત્મવાદીઓ 'રહસ્યવાદ' કહે છે !

શ્લોક ૨/૪. અગાઉ જણાવ્યું કે તે જ્ઞાન જ સાચું જ્ઞાન છે, કેમકે તેનાથી અમૃત સ્વરૂપ પરમાત્મા પ્રાપ્ત થાય છે. અંતર્યામી પરમાત્મા પાસેથી વિદ્યાથી અમૃતરૂપ પરબ્રહ્મ પ્રાપ્ત થાય છે.

અર્થાત્ માનવજન્મ મળ્યો છે તો બ્રહ્મતત્ત્વને જાણવું. કોઈ માથાનું દહીં કરીને, કોઈ ભજનો ગાઈ તો કોઈ કર્મો કરીને બ્રહ્મતત્ત્વ પામે એમ ગીતામાં કહેવાયું છે. અલબત્ત, પ્રાણીમાત્રમાં પરમાત્મા અનુભવવાની વાત પ્રશંસનીય છે. આવું વેદાંતમાં કહેવાયું છે, પરંતુ વર્ણાશ્રમના ભેદભાવ અને અસ્પૃશ્યતા કેમ જતાં નથી ?

શ્લોક ૩/૧ માં બ્રહ્મ–પરમાત્માએ જ દેવતાઓને (અસુરો પર) વિજયી કર્યા. પરંતુ દેવો એમ સમજયા કે આ વિજય પોતાના બળ થકી મેળવ્યો છે.

શ્લોક ૩/૨માં દેવોનો ધમંડ જોઈ પરમાત્માને એમ થયું કે દેવોનું પતન થશે. તેથી દેવોનો ધમંડ તોડવા દિવ્ય સાકાર યક્ષ રૂપે પ્રગટયા. દેવો તે જોઈ આશ્ચર્યચકિત થયા.

શ્લો૩/૩માં દેવોએ અગ્નિદેવને કહ્યું કે આ મહાયક્ષ કોણ છે ? તેની તપાસ કરો.

શ્લોક ૩/૪ માં અગ્નિ દેવ દોડીને યક્ષની નજીક ગયા અને તમો કોણ છો એમ પૂછ્યું. હું અગ્નિદેવ, જાતવેદા નામે પ્રસિદ્ધ છું.

શ્લોક ૩/૫. મહાયક્ષે કહ્યું, હે અગ્નિ. તારામાં કયું સામર્થ્ય છે તે બતાવ. અગ્નિ કહે, હું ઈચ્છું તો પૃથ્વી પરનું સઘળું ભસ્મીભૂત કરી શકું.

મહાયક્ષે અગ્નિ સામે તણખલું મૂક્યું અને કહ્યું કે આને સળગાવ. અગ્નિએ પૂરું જોર કર્યું પણ તણખલું ન સળગ્યું. તેથી શરમાઈને અગ્નિ જતા રહ્યા, (૩/૬)

પછી વાયુ માતરિશ્વા જાય છે, તે પણ તણખલું ઉડાડી શકતા નથી. (૩/૭, ૮, ૯, ૧૦) પછી દેવો ઈન્દ્રને મોકલે છે. યહાયક્ષની સામે ઈન્દ્ર અંતર્ધાન થઈ જાય છે, પરંતુ ઈન્દ્ર મહાન દેવ હોવાથી મહાયક્ષ પણ અદ્રશ્ય થઈ જાય છે. (૩/૧૧) ઈન્દ્ર ત્યાં જ ઊભા રહે છે. ત્યાં મહાયક્ષના સ્થાને જ આકાશમાંથી સુંદર દેવી હૈમવતી ઉમા પ્રગટ થાય છે. તેમને ઈન્દ્ર પૂછે છે કે આ મહાયક્ષ કોણ હતા ? (૩/૧૨)

ઉપનિષદ શ્લોકોમાં ઉપનિષદ જાણે પુરાણ જેવું બની જાય છે. ઈશ્વરની કૃપાથી જ દેવોએ અસુરોને જીત્યા હતા. આવો જાતિગત ભેદભાવ કરે તેવો ઈશ્વર હોય ? અસુરોએ ઈશ્વરનો શું ગુનો કર્યો હતો ? અસુરો તો આ દેશના મૂળ વાસી હતા, આર્યો આક્રમક હતા, તો ઈશ્વર એમને મદદ કરે ? દરેક ધર્મવાળા એમ જ માને કે ઈશ્વર એમનું જ રક્ષણ કરે. હિન્દુઓનું ઈશ્વર અને મુસલમાનોનું અલ્લાહ રક્ષણ કર. ઈશ્વર એક છે કે અનેક છે, તે વિવાદનો હજુ અંત આવ્યો નથી.

ઈશ્વર સર્વશકિતમાન હોવાથી અગ્નિ કે વાયુ તૃણને કશુ કરી શકતા નથી, એમ અહીં ઋષીનું કહેવું છે. પરંતુ ઈન્દ્ર આર્યોનો સેનાપતિ હોવાથી, લાડકો હોવાથી મહાયક્ષ ઉમાદેવી રૂપે પ્રગટ થાય છે. યક્ષ એ આર્યો જેવી જ ઈરાનની એક જાતિ હતી. આર્યો સિવાય યક્ષ, ગંધર્વ, કિરાત પણ હતા. ઈરાનથી યક્ષો આવેલા, તે કચ્છના કાંઠે ઉતરેલા, લોકોએ એમને દેવ માન્યા. ઉતરાણની જગ્યાને જખૌ બંદર કહેવાય છે.

ખેર, ઋષિ પોતાની વાત નાટયાત્મક રીતે રજૂ કરી ઉમાદેવી પાસે બોલાવે છે કે મહાયક્ષ તે જ બ્રહ્મ હતા. તેમણે જ તમને વિજયી બનાવ્યા હતા. (૪/૧)માં ઈન્દ્ર, અગ્નિ કે વાયુ દેવો સદ્ભાગી છે કે એમને મહાયક્ષ રૂપે બ્રહ્મના દર્શન થયાં.(૪/૨) અગ્નિ અને વાયુદેવને દર્શન અને સંવાદનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું હતું, પરંતુ ઉમા

દ્વારા ઈન્દ્રને પરમ બ્રહ્મની ઓળખાણ થઈ. તેથી ઈન્દ્ર શ્રેષ્ઠ દેવ છે. (૪/૩) એ બ્રહ્મનો સાંકેતિક ઉપદેશ વીજળીના ચમકારા જેવો છે, ક્ષણિક છે, અલૌકિક છે. (૪/૪) મન બ્રહ્મની સમીપ જતું પ્રતીત થાય છે. મન એનુ પ્રેમપૂર્વક સ્મરણ કરે છે. મન દ્વારા જ બ્રહ્મના સાક્ષાત્કારની ઉત્કટ અભિલાષા થાય છે. (૪/૫) તે બ્રહ્મ–પરમાત્મા 'તદ્વન' નામથી પ્રસિદ્ધ છે. તે પ્રાણીમાત્રની અભિલાષા છે. સર્વપ્રિય છે. એવા ભાવથી એની ઉપાસના કરવી જોઈએ. જે સાધક આ બ્રહ્મને ઉપાસના દ્વારા જાણે છે એ નિઃસંદેહ પ્રાણી માત્રનો પ્રિય બને છે. (૪/૬)

આમ ઉપનિષદકાર ઉમા દ્વારા બ્રહ્મનો પરિચય કરાવે છે. બ્રહ્મનો સાક્ષાત્કાર કરવા ઉપાસના કરવી જોઈએ, ઈત્યાદિ ઉપદેશ આપે છે.

હવે બ્રહ્મે મહાયક્ષ શા માટે થવું પડયું ? શા માટે હેમવતીને મોકલવા પડયા, તે પ્રશ્નો અનુત્તર છે. ઋષિ જાણે, ગીતામાં પણ આ કલ્પના પરથી 'વિરાટ સ્વરૂપ'ની કલ્પના કરવામાં આવી છે.

હે ગુરુ, બ્રહ્મ રહસ્ય મને સમજાવો. ત્યારે ગુરુ કહે છે, તને રહસ્યમયી બ્રહ્મવિદ્યા સમજાવી તો દીધી. સમજ નથી પડતી ? (૪/૭)

શિષ્યને જેમ સમજ ન પડી, તેમ આપણને પણ આ બ્રહ્મના ભ્રમની ખબર પડતી નથી. કલ્પિત, નિરાકાર તત્ત્વની ઉપનિષદકાર વાત કરે છે, પણ પોતે જ એને સમજાવી શકતા નથી.

આ રહસ્યમયી બ્રહ્મવિદ્યાના તપ, ઈન્દ્રિયદમન અને કર્મ આધારો છે. વેદાંગ છે. સત્ય, સ્વરૂપ પરમેશ્વર એના અધિષ્ઠાતા છે, લક્ષ્ય છે. (૪/૮)

અર્થાત્ જપ, તપ, ઉપવાસ અને કર્મ દ્વારા ઈશ્વર પ્રાપ્ત થાય. તો એવી ઈચ્છા પ્રાણીઓને કેમ નહિ થતી હોય ? પ્રાણી તો અસ્વસ્થ હોય ત્યારે જ ઉપવાસ કરે છે.

વેદોમાં યજ્ઞો હતા, પછી ઉપનિષદોથી શ્રમણ સંસ્કૃતિ શરૂ થઈ. જપ, તપ, ઉપવાસનું મહત્વ વધ્યું. વેદકાલિન આર્યો તો ઉપવાસ કરતા જ નહોતા, અને આકંઠ સોમરસ પી, પેટ ભરીને ઓડકાર આવે તેટલો બલિપ્રસાદ ખાતા હતા. મહાવીરે તપસ્યાનો અતિ મહિમા કર્યો. બુદ્ધ ત્યાંથી પાછા વળ્યા અને અતિ સર્વત્ર વર્જ્યતે કહ્યું. મધ્યમ માર્ગ પ્રબોધ્યો.

કોઈ પણ આ પ્રસિદ્ધ બ્રહ્મવિદ્યાને પૂર્વોક્ત પ્રકારથી સારી રીતે સમજી લે છે. સમસ્ત પાપોને નષ્ટ કરીને અવિનાશી, અતીવ સર્વશ્રેષ્ઠ સ્વર્ગલોકે જાય છે અને ત્યાં સદાકાળ રહે છે. (૪/૯)

વાસ્તવમાં ઋષિ પોતે જ બ્રહ્મતત્વ વિશે અસમંજસમાં રહ્યા છે અને સ્પષ્ટતઃ કશું સમજાવી શકયા નથી.

આમ તો પાપી નરકમાં જાય છે અને પુણ્યશાળી સ્વર્ગમાં જય છે. પાપીની સજા પૂરી થતાં તે છૂટીને પાછો પૃથ્વી પર આવે છે, અને પુણ્યશાળી પણ. પુણ્ય વપરાઈ જતાં ખિસ્સું ખાલી થતાં પૃથ્વી પર પાછો આવે છે, એવી સામાન્યતઃ સનાતની માન્યતા છે. પૃથ્વી પર જ જપ, તપ દ્વારા પુણ્યનો ક્ષય કરે તેને મોક્ષ પ્રાપ્ત થાય છે. અર્થાત્ તેણે સ્વર્ગ–નરકમાં જવું પડતું નથી. પરંતુ સદાકાળ પરમ તત્ત્વના ચરણોમાં રહેવા મળે છે. એવો જૈન મત પછીથી વિકસ્યો. કેનોપનિષદના ઋષિને સ્વર્ગ અને મોક્ષના ભેદની ખબર પણ લાગતી નથી.

જે ઉપનિષદોના ચિંતનનો અતિ મહિમા કરવામાં આવે છે. તેમાં બ્રહ્માતત્વની કપોળકલ્પના પાછળ બીટીંગ એરાઉન્ડ ધ બુશ જેવી અવસ્થા જાણવા મળે છે. આંધળા આંધળાને દોરે એવી આ વાત છે.

(સંદર્ભ : ઈશાદિ નૌ ઉપનિષદ્, ગીતા પ્રેસ, ગોરખપુર)

---

## સત્ય શોધક સભાને દાન



વલસાડના પારડી તાલુકાના ખડકી ગામના શ્રી બાબુભાઈ એફ. માહ્યાવંશી 'સત્યાન્વેષણ'ના નિયમિત વાચક છે. એમના તરફથી સત્યશોધક સભાને રૂા.૧૦,૦૦૦/–નું દાન મળ્યું છે. જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

તા. ૫–૦૮–૨૪

**સૂર્યકાન્ત શાહ**
પ્રમુખ

ભગવાનજી રૈયાણીના 'ગાંધીને દેશવટો' પુસ્તિકામાંથી સાભાર

**અમદાવાદનો લક્ષચંડી મહાયજ્ઞ**

## અંધશ્રદ્ધાનો મહાસાગર

'સમ્રાટ નીરોએ કેવળ રોમ જ બાળ્યું હતુ અને થોડા માણસો મારી નંખ્યા હતા... ચંગીઝખાને મોજ ખાતર થોડા હજાર માણસોની કતલ કરી... ઈશ્વર તો દરરોજ. દર કલાકે, અરે દર મિનિટે અસંખ્ય કરુણ હોનારતો સર્જતો આવ્યો છે. અને આજે પણ સર્જી રહ્યો છે. હર પળે તમારો ભગવાન ચંગીઝખાનનેય ટપી જાય એવો ભૂંડો ત્રાસ જીવો પર ગુજારે છે. મતલબ કે નીરો ક્રૂર છે. જુલ્મી ચંગીઝખાન છે. તેનાં આ બધાં દુષ્કૃત્યોને તમે કેવી રીતે ન્યાયી ઠરાવી શકો ?'

## હું રેશનાલિસ્ટ (નાસ્તિક) કેમ બની ગયો ?

સાલ હશે ૧૯૪૩ની. ગોંડલના પ્રજાવત્સલ રાજવી મહારાજા ભગવતસિંહજીના તાબાનું સુપેડી આજે ઉત્સવગ્રામમાં ફેરવાઈ ગયું છે. પોરબંદરની હવેલીના ગાદીપતિ ગોસ્વામી બાવા ગોવિંદલાલજીની પધરામણી થઈ રહી છે. ઢોલ–નગારાં, ઝાંઝ અને કાંસીજોડાંનાં સંગીત અને કીર્તનગાનથી ગુંજી ઊઠેલ પાદરમાં ભક્તિરસની હેલી ચડી છે. આખું ગામ મહારાજશ્રીનું સામૈયું કરવા ભેગુ થઈને ગોધૂલિ ટાણે શ્રીજીબાવાની કાગડોળે રાહ જોઈ રહ્યું છે. અંતે ઝાલર ટાણે ભક્તજનો જેમને ભગવાનનો અંશ માને છે એવા પરમપૂજ્ય શ્રી ગુરુદેવની મોટર આવતી જોઈને વૈષ્ણવજનો હર્ષની ચિચિયારી પાડે છે.

એક પછી એક ઘરમાં મહારાજશ્રીની પધરામણી થાય છે. અમારા ગારમાટીનાં લીંપણ અને દેશી નળિયાંની છતવાળા એવા એક ગરીબ ખેડૂતના ઘરમાં આ ભગવાન પગલાં પાડવાની કૃપા કરે છે. એમની આરતી ઉતાર્યા પછી એક થાળીમાં એમના પગ ધોઈને એ ચરણામૃતનું સૌ પરિવારજનો આચમન કરે છે. તેઓ મને પોતાની નજીક બોલાવીને મારા કાનમાં મંત્ર આપે છે : 'બોલો શ્રીકૃષ્ણ શરણમ્ મમઃ ।' ભગવાનનો સાક્ષાત્કાર પામેલ હું પાંચ વર્ષનો બાળક રોમાંચિત થઈ ઊઠું છું અને મહારાજશ્રી સવાપાંચ રૂપિયાની દક્ષિણા લઈને વિદાય થાય છે.

આના બે–એક વર્ષ બાદ મારી ત્રણેક વર્ષની બહેન રાધા એનાં બાળભેરુઓ સાથે શેરીમાં રમતી હોય છે, અને એને એક હડકાયું કૂતરું કરડે છે. કૂતરું તો લાળ પાડતું

ભાગી જાય છે અને એક ગરીબ પરિવારની નર્કયાત્રા શરુ થાય છે. સવા રૂપિયો અને નાળિયેર ધરીને ગામના જીવણ ભૂવાને ત્યાં બહેનને લઈને પિતાજી જાય છે. હું પણ એમની સાથે જાઉં છું. ભૂવો આંખો બંધ કરીને દેવીસ્મરણ કરે છે, અને ઘડીક વારમાં એ આખો ધ્રૂજવા અને ધૂણવા માંડે છે. રાધાને એ મંત્રેલા જુવારના દાણા ચવરાવે છે અને મંત્રેલું પાણી પાય છે. પિતાજીને એ બેફિકર રહેવાનું કહે છે.

બે મહિના પછી રાધાને ટાઢિયો તાવ આવે છે અને મોઢામાંથી લાળ પડવા માંડે છે. ગામમાં લાઈટ તો આવી નથી અને કાળઝાળ ઉનાળો છે. કાથીના ખાટલા પર ગોદડું પાથરીને સુવાડી રાખેલી રાધા સતત તરફડિયા મારે છે. જે કંઈ હાથમાં આવે એને બટકાં ભરે છે. અમે લાચાર કુટુંબીજનો એને ધીરે ધીરે મરતી જોઈ રહ્યાં છીએ. અંતે ચોથે દિવસે એ અમને બધાંને વિલાપ કરતાં મૂકીને ચિરનિદ્રામાં પોઢી જાય છે.

૧૯૪૭માં હું ગામની ધૂળિયા શાળામાં ત્રીજા ધોરણમાં દાખલ થાઉં છું જીવાલાલ નામે એક ક્રાંતિકારી વિચારોવાળા હેડમાસ્તર બદલીમાં આવે છે. તેઓ ગામમાં લાઈબ્રેરી શરૂ કરે છે. વિદ્યાર્થીઓ માટેની વાર્ષિક સભ્ય ફી ચાર આના રાખી છે. આભકિનારે આઝાદીની ઉષા ઊગી છે. તેઓ અમને રેંટિયો કાંતતાં શીખવે છે. શાળાના કમ્પાઉન્ડમાં અમારી પાસે વૃક્ષો વવડાવે છે. અંધશ્રદ્ધા, વહેમ, ભૂત–ભૂવા અને ડાકણની માન્યતાઓમાંથી ચલિત કરાવવા માટે ભાષણો આપે છે. ગામની ઉતાવળી નદીને કિનારે આવેલ એક ખખડધજ અરીઠીના ઝાડની બખોલમાં ચૂડેલ રહે છે એમ કહેવાતું. જીવાબાપા માસ્તર અમને અમાસની રાતે બાર વાગે ત્યાં લઈ જઈને પોતે એ ઝાડ પર ચડે છે, અને બખોલની બહાર પોતાના જોડા ધડાધડ ફટકારે છે. એમાંથી કોઈ ચૂડેલ બહાર નીકળતી નથી.

ગામની બહાર સ્મશાન છે. એમાં ભૂત થાય છે એમ કહેવાય છે. જીવાબાપાના ભૂતખંડનની ખાતરી કરવા અંધારી રાતે હું એકલો ત્યાં જાઉં છું. સૂનકાર અને ભેંકાર રાતે સંભળાતી શિયાળવાંની લારીથી મારી છાતી થડકથડક થાય છે. મને અહીં એકલા ડર તો લાગે જ છે, છતાં ભૂતની જાતતપાસ માટે જાઉં છું. કશું જ ન જોયાની ખાતરી કરી ચૂપચાપ આવીને ખાટલામાં સૂઈ જાઉં છું.

ગામની કસ્તુરબા લાઈબ્રેરી જ્ઞાનની નવી ક્ષિતિજો ખુલ્લી મૂકી દે છે. એવામાં જુનાગઢની હવેલીની ગાદી માટે સદ્‌ગત ગોસ્વામીજીના વારસોનો ઝઘડો કોર્ટમાં જાય છે.

નાથદ્વારાની ગાદી માટે પણ આવો જ ઝઘડો થાય છે. કોઈક શંકરાચાર્ય પણ ગાદી બચાવવા કોર્ટમાં દોડે છે. ગઈ સદીમાં કરસનદાસ મૂળજીવાળો મહારાજ લાયેબલ કેસ થયેલ એ પણ ક્યાંક વાંચવા મળે છે.

ગામમાં કોઈની ભેંસ પાડીને જન્મ આપે તો એને ધવરાવીને બરાબર ઉછેરાય છે, જે મોટી થઈને દૂધ આપે, પણ પાડો જન્મે તો ભૂખે મારી નખાય છે, કારણ કે પાડાનો કોઈ ઉપયોગ નથી – ખેતીમાં પણ નહીં. ઘણી વાર ઘરડાં ગાય–બળદોને કસાઈવાડે મોકલી દેવાય છે. ગામમાં જમણવાર હોય ત્યારે ફેંકી દેવાયેલ એંઠુંજૂઠું ઉપર હરિજનો તૂટી પડે છે. તેઓ એઠુંજૂઠું માગવા આવે તો તે ટોળા પર દંડા પડે છે, એમને અડી જવાય તો નહાવું પડે એટલાં તેઓ હડધૂત થઈ રહ્યાં છે. ભગવાન પણ એમની ભેર કરતો નથી.

એ જમાનામાં પત્નીને પીટવી એ તો ગ્રામ સમાજમાં જાણે મર્દાનગીનો ગુણ. સ્ત્રી ચાર વાગે ઊઠે, દળણું દળે, છાશવલોણાં કરે, ઢોર દોહે, સવાર–બપોરના રોટલા કરે, લૂગડાં ધોવે, નદી–કૂવેથી પાણી ભરી આવે, છોકરાંને ખવરાવી–ધવરાવીને સાસુમાને સોંપીને આખો દિવસ ખેતરમાં કામ કરીને પાછી આવીને ફરી રસોઈ. સંજેવાળો, ઠામવાસણ, ઢોરને નીરણપૂળો વગેરેમાં રાત પડી જાય. છાણ–માટીના ચૂલા અને લાકડાના ધુમાડા અને ઘૂંઘટમાં એ ચાલીસ વર્ષે દાદી બનીને અર્ધી આંધળી થઈને ઘરડી બની ગઈ હોય છે.

ગામમાં કયારેક બહારવટિયાઓ ત્રાટકે અને નિર્દોષ ગરીબોને લૂંટીને મારી નાખે. આ બધું મારાં સ્મરણોમાં હજી તાજું છે.

અમારા પાઠયપુસ્તકો છપાયું છે કે ટંકારાનો નરેન્દ્ર નામનો બાળક શિવલિંગ પર ઉંદર ફરતો જોઈને આઘાત પામે છે. ભગવાન ઉંદરને ભગાડી ન શકે ? એ ઘેરથી નાસી જઈને સાધુ બની જાય છે. દયાનંદ સરસ્વતી નામ ધારણ કરીને આર્યસમાજ નામના સુધારક પંથની સ્થાપના કરે છે. હિન્દુ, મુસ્લિમ, ક્રિશ્ચિયન, જૈન અને બૌદ્ધ ધર્મોમાં પ્રવેશી ગયેલ વહેમ, અંધશ્રદ્ધા અને ગેરરીતિઓને ખુલ્લી પાડવા સતત દેશાટન કરે છે અને અંતે વિરોધીઓ એમને ઝેર ખવડાવીને મોતને ઘાટ ઉતારે છે. કસ્તુરબા લાઈબ્રેરી અમારી જ્ઞાનપરબ છે. હું વાંચું છું કે બીજા વિશ્વયુદ્ધ વખતે હિટલરે ૬૦ લાખ નિર્દોષ યહૂદીઓને રહેંસી નાંખ્યા. એ પહેલા છપ્પનિયા દુકાળમાં ભારતમાં લાખો ગરીબો અને પશુઓ મરી

ગયાં હતાં. કંબોડિયામાં પોલ પોર્ટે દસ લાખ નિર્દોષોની કતલ કરી. હજુ દસ વર્ષ પહેલાં જ આફ્રિકાના રુવાન્ડા અને બરુન્ડીમાં ટુટ્ટુ અને ઝુત્સીઓની વાંશિક અથડામણોમાં દસ લાખ લોકો હોમાઈ ગયા. પરિણામે મારું મન 'કર્મનો સિદ્ધાંત'નો અસ્વીકાર કરે છે.

આ દંભી અને અન્યાયી દુનિયામાં અન્યાયો અને અનાચારોની ભરમાર ચાલે છે. આઠ–દસ વર્ષના છોકરાં–છોકરીઓને સાધી–સાધ્વીની દીક્ષા અપાય છે. અહિંસાના અનુયાયીઓ હજારો રેશમકીડાઓને મારીને વણાયેલ સુંવાળા સાડી–ધોતિયામાં મંદિરે જાય છે. કરોડો–અબજો રૂપિયા કથાવાર્તાના આયોજનો કે દેવમંદિરો બાંધવામાં વપરાય છે. ભંડારમાં ભંડારાયેલ દેવદ્રવ્યો ગંધાઈ રહ્યા છે, પણ એમનો મંદિર–બાંધકામો સિવાય ઉપયોગ થતો નથી. ટાંકણાઓ દ્વારા ખરતી રજકણોથી શિલ્પકારોનાં ફેફસામાં ટી. બી. ફેલાય છે અને એમનું આર્થિક શોષણ થાય છે. એમના દ્વારા બનાવાયેલ ભગવાનમાંથી મારી શ્રદ્ધા નષ્ટ થતી જાય છે.

વિશ્વસંસ્કૃતિનો જ્યાં ઉદય થયો કહેવાય છે એવા આ દેશમાં આપણે શું જોયું છે ? સ્ત્રીઓ અને શૂદ્રોનું અપમાન અને શોષણ, પુરાતનકાળથી મધ્યયુગ અને અર્વાચીન કાળ સુધી પ્રસ્તારિત યુદ્ધો અને ષડ્યંત્રો, ધર્મ અને સંપ્રદાયોના ઝઘડાઓ, યુદ્ધો અને દમનો, લૂંટફાટો અને ખૂનખરાબા, અત્યાચારો અને વ્યભિચારો, પોતાનાં જ સંતાનો ઉપર આ કહેવાતા ઈશ્વરનો આ તે કેવો જોરજુલમ ? અહીં બાપ દીકરાનું, પતિ–પત્નીનું, પ્રેમી પ્રેમિકાનું, ભાઈ ભાઈનું ખૂન કરે. કોઈ નરાધમ ચાર વર્ષની બાળકી ઉપર કે કોઈ પિતા પોતાની જ પુત્રી પર બળાત્કાર કરે. આવી છલના અને આટાપટા ખેલનારને આપણે રહેનુમા કે દયાળુ ઈશ્વર કેમ કહી શકીએ ? ઈશ્વર હોય તો પણ એ શેતાન જ હોવો જેઈએ એમ મને ખાતરીપૂર્વક લાગી રહ્યું છે.

અને છેલ્લે જુઓ આ સિનારિયો. આપણા તાંત્રિકો, માંત્રિકો, ભૂવાઓ અને ભરાડીઓની જાળમાં ગરીબ અને અભણ પ્રજા જ નહીં, પણ શિક્ષિતો ય ફસાઈ રહ્યા છે. એ ભ્રમજાળને વિસ્તારવામાં અને કાયમ કરવામાં આપણા બાપુઓ, બાવાઓ કહેવાતા કથાકારો, આધ્યાત્મિકો, જ્યોતિષિઓ, ચિંતકો, ગુરુઓ, મંડલેશ્વરો, જગદ્ગુરુઓ, સાધુ–સાધ્વીઓ અને આવા ધર્મના પ્રવર્તકો એવા જોરશોરથી કામે લાગી ગયાં છે કે મારા જેવા મુઠ્ઠીભર સંવેદનશીલો અને માનવતાવાદીઓ ઈશ્વરનો ઈન્કાર કરીને નાસ્તિક ન બની જાય. તો જ નવાઈ.

(ભગવાનજી રૈયાણીના 'ગાંધીને દેશવટો' પુસ્તકામાંથી સાભાર)

# ત્યાગ કરો ભગવાનનો !

–સુગીત પાઠકજી

તારીખ ૧૪ જુન ૨૦૨૪ના રોજ નેટ ફલીક્સ પર 'મહારાજ' નામની ફિલ્મ રીલીઝ થવાની હતી, પરંતુ આ ફિલ્મ રીલીઝ થાય ત્યાર પહેલા કોર્ટ દ્વારા ૧૩ જુન ૨૦૨૪ થી ૧૮ જુન ૨૦૨૪ સુધી 'સ્ટે' આપવામાં આવ્યો હતો. ત્યારબાદ આ 'સ્ટે' કોર્ટે ઉઠાવી લીધો. આ 'મહારાજ' નામની ફિલ્મ સત્યઘટનાઓ પર આધારિત ફિલ્મ છે. આ ફિલ્મ રીલીઝ થવાની હતી ત્યારે હિન્દુ કટ્ટરવાદી સંગઠનો દ્વારા આ ફિલ્મનો પૂરજોશથી વિરોધ કરવામાં આવ્યો હતો અને વિશ્વ હિન્દુ પરિષદના નેતાઓએ આ ફિલ્મ પર પ્રતિબંધ લાદવાની માંગણી કરી હતી. આ પ્રકારના અનેક ધાર્મિક કટ્ટરવાદી સંગઠનો સદીઓથી પોતાના ધર્મના નામે ધર્મગુરુઓ, મૌલવીઓ, પાખંડીઓ દ્વારા થતા શોષણને છૂપાવવાનું, શોષણ કરનારને બચાવવાનું, ધર્મને નામે સ્ત્રીઓ પર થતા શારીરિક માનસિક શોષણ અને બાળકો પર થતા અત્યાચારોને વ્યાજબી ઠેરવવાનું કામ કરે છે.

'મહારાજ' ફિલ્મ કરસનદાસ મૂળજી (૨૫ જુલાઈ ૧૮૩૨–૨૮ ઓગસ્ટ ૧૮૭૫)ના જીવન પર આધારિત છે. આ ફિલ્મમાં કરસનદાસ મૂળજીનું પાત્ર આસ્તિક છે, છતાં સુધારાવાદી વિચારો ધરાવે છે. તે ધર્મના નામે ધર્મગુરુઓ દ્વારા કરવામાં આવતા સ્ત્રીઓના શારીરિક શોષણ અને આડંબરોનો વિરોધ કરે છે. જ્યારે તેની પ્રેમિકા 'કિશોરી' ખૂબ જ અંધશ્રદ્ધાળુ અને પરંપરાવાદી વલણ ધરાવે છે. આ કિશોરી જ્યારે હોળીના તહેવાર વખતે વૈષ્ણવાચાર્ય મહારાજ જદુનાથ પાસે જાય છે ત્યારે મહારાજ તેને 'ચરણ સેવા' માટે પસંદ કરે છે. આ 'ચરણ સેવા' નો અર્થ એ હોય છે કે લગ્ન પહેલા તેણીએ મહારાજ જદુનાથ સાથે શારીરિક સંબધ બાંધવો, બીજી તરફ કિશોરી જેવી કન્યા પોતે આ વાતનો ગૌરવ લે છે. તેનાં માતા–પિતા પણ સમગ્ર હકીકત જાણતા હોવા છતાં ખૂબ જ ખુશ હોય છે. આ ઘટનાક્રમ બતાવે છે કે કહેવાતો ધાર્મિક સમાજ સ્ત્રીઓનું તેમાં પણ પોતાની બહેન–દિકરીનું શારીરિક શોષણ થાય તેમાં પણ ગૌરવ અનુભવે છે. આ ધર્માંધ પુરુષવાદી સમાજવાદી જાણે છે કે તેમની પત્નીઓનું પણ કયારેક શોષણ થયું હતું, છતાં ધર્મ, સંસ્કૃતિ અને પરંપરાની ઘેલા પાછળ ગાંડા વૈષ્ણવ સમાજને આ પ્રકારની પરંપરા સામે કોઈ વાંધો નહોતો. વળી તે કિશોરી નામની કન્યા અને મહારાજ જદુનાથ દ્વારા બંધાતો

શારીરિક સંબંધ જોવા માટે તે સમાજના ધનાઢ્ય લોકો બોલી લગાડતા હતા અને જે વધુ નાણાં ખર્ચી શકે તેવી વ્યકિતઓ આ શારીરિક સંબંધ બંધાતો જોતા હતા. આ પરિસ્થિતિમાં 'કિશોરી'નો થનાર પતિ કરસનદાસ મૂળજી આ પ્રકારના શોષણનો વિરોધ કરે છે. અહીં વિચારવા જેવી બાબત એ છે કે જે સ્ત્રીનું શોષણ થઈ રહ્યું છે, તે તો તેના પર થઈ રહેલા શોષણનો સહર્ષ સ્વીકાર કરે છે. પરંતુ જે વ્યકિત સુધારાવાદી / પ્રગતિશીલ વલણો ધરાવે છે તેવી વ્યક્તિઓ આવા શોષણની સામે અવાજ બુલંદ કરે છે.

આ ફિલ્મના પરિપેક્ષ્યમાં જોઈએ તો મહારાજ જદુનાથના ભક્તોએ અનેક વાર કરસનદાસ મૂળજીનો હિંસક વિરોધ કર્યો, તેને માર માર્યો, પરંતુ કરસનદાસ તેના વિચારો પર અડગ રહ્યો. તેણે દાદાભાઈ નવરોજીની સલાહ પણ લીધી. તેણે 'સત્યપ્રકાશ' નામનું મેગેઝીન કામલીલા અને વ્યાભિચારની વિરુદ્ધમાં લેખો લખ્યા અને તે લેખો લોકો સુધી પહોંચાડવા અન્ય લોકોની મદદ પણ લીધી. અમુક વાર તો તે લેખોને ભક્તો દ્વારા સળગાવવામાં પણ આવ્યા, પરંતુ કરસનદાસ મૂળજી તેના સુધારાવાદી વિચારોનો પ્રચાર–પસાર કરતો રહ્યો.

ધર્મના નામે આ પ્રકારના દૂષણો આજે પણ થાય છે. તેનું સ્વરૂપ થોડે–ઘણે અંશે બદલાયું છે, પરંતુ ધર્મ અને ધર્મને નામે બની બેઠેલા મહારાજો, મૌલવીઓ, બાબાઓ વગેરેનો મૂળ હેતુ આજે પણ સ્ત્રીઓને માનસિક ગુલામ બનાવવાનો અને અઢળક ધનપ્રાપ્તિનો જ રહ્યો છે. સમાજની પુરુષપ્રધાન માનસિકતાઓ, અંધશ્રદ્ધાઓ, ધાર્મિક વિધિઓ, સંસ્કૃતિ પ્રત્યેનો મિથ્યા ગૌરવ, પરંપરાવાદી વલણો, શુકન–અપશુકનની માન્યતાઓ, વિધર્મીઓ–નાસ્તિકો પ્રત્યે ધૃણા, સમાજવાદ તેમજ માનવતાલક્ષી વિચારોનો વિરોધ, અવૈજ્ઞાનિક વલણોનો ફેલાવો, એ આવા ધર્મગુરુઓની શક્તિ છે, અને આવા નિમ્નસ્તરનાં મૂલ્યો પેદા થયા બાદ તેવા સમૂહનો ધર્મગુરુઓ ઉપયોગ કરે છે. આ પ્રકારનો લોકોનો સમુહ ધર્મઝનુની, હિંસક અને ધર્મને નામે ગમે તેવા નીચા કૃત્યો કરવાની માનસિકતાવાળો બને છે.

૧૬૪ વર્ષ પહેલા ધર્મગુરુઓ દ્વારા થતા શોષણની સામે અવાજ ઉઠાવવા માટે કરસનદાસ મૂળજીએ 'સત્યપ્રકાશ' નામનું સામાયિક શરૂ કર્યું હતું. તો આજે પણ આવા પાખંડીઓ સામે વૈચારિક ક્રાંતિ ફેલાવવા માટે અને વૈજ્ઞાનિક અભિગમના પ્રચાર–પ્રસાર

માટે સત્યશોધક સભા, સુરત દ્વારા 'સત્યાન્વેષણ' નામનું મેગેઝિન ચાલે છે. ધાર્મિક સામાજિક સડો જ્યાં સુધી માનવ સમાજમાંથી દૂર નહીં થાય ત્યાં સુધી સમાજમાં પ્રગતિશીલ વિચારોનો વંટોળ કાયમ  જ રહેશે.

'મહારાજ' ફિલ્મ આગળ જોતા સમજાશે કે વૈષ્ણવ હવેલીના મહારાજ જદુનાથ કરસન મુળજીને આર્થિક રીતે દબાણ પેદા કરવા માટે તેના પર ૫૦,૦૦૦ રૂપિયાનો માનહાનિનો દાવો કરી તેને કોર્ટમાં લઈ જાય છે (તે સમયના ૫૦,૦૦૦ રૂપિયા એટલે આજે આ રકમ અમુક કરોડો રૂપિયાની થાય).

સુધારાવાદી કરસનદાસ મૂળજી કોર્ટ સુધી ચોરી–છૂપીથી પહોંચે છે. પોતાનો જીવ બચાવીને કોર્ટમાં હાજર થાય છે ત્યારે કોર્ટની બહાર ભક્તો–ભકતાણીઓનાં ટોળાં ઉભા હોય છે, જે મહારાજનો પગ જમીન પર પડવા દેતા નથી, જ્યારે મહારાજ તેના રથ પરથી કોર્ટ સુધી ચાલે ત્યારે રસ્તામાં તેને પગે લાગે છે. તેના પગની ધૂળ પોતાને માથે લગાડે છે. જ્યારે જદુનાથ કોર્ટ રૂમમાં હાજર થાય છે, ત્યારે તે કઠેરામાં નથી ઊભા રહેતા, પરંતુ તેઓ પોતાની ખુરશી પોતાની સાથે લઈ આવ્યા હોય છે તે વૈભવી ખુરશી પર બેસે છે.  બીજી બાજુ કરસનદાસ મૂળજી કઠેરામાં ઊભા રહે છે, અને કોર્ટની આમન્યા જાળવે છે. કોર્ટમાં હાજર થતા પહેલા મહારાજ જદુનાથ તેણે કરેલા ગુનાઓ, બળાત્કારો છૂપાવવા માટે અનેક પ્રયત્નો કરે છે, અને તેમના ભક્તો દ્વારા સાક્ષીની હત્યા પણ કરવામાં આવે છે. બીલકુલ એવી જ રીતે આસારામ બાપુ, રામ–રહીમ સહિતના અન્ય બાબાઓ પોતાના ગુનાઓ છૂપાવવા માટે હત્યાઓ કરાવે છે ત્યારે તે સમયમાં અને અત્યારના સમયમાં રૂઢિવાદી માનસિકતાઓમાં કોઈ મોટો ફરક પડયો હોય તેવું લાગતું નથી.

તે સમયે જદુનાથ મહારાજ અને કરસનદાસ મૂળજીનો કેસ અંદાજીત ૪૦ દિવસ ચાલે છે. આ કેસનો ચુકાદો ૨૨ એપ્રિલ ૧૮૬૨ના રોજ આવે છે. જેમાં કરસનદાસ મૂળજી નિર્દોષ છૂટે છે, અને મહારાજ જદુનાથ દોષી ઠરે છે. ફિલ્મમાં બતાવવામાં આવે છે કે કેસ હાર્યા બાદ મહારાજ જદુનાથ જ્યારે કોર્ટની બહાર નીકળે છે ત્યારે  લોકો તેને ધિક્કારે છે, પરંતુ આજે તો એવું જોવા મળે છે કે દોષીત અને ગુનેગાર બાબાઓના સમર્થકો પણ લાખોની સંખ્યામાં હોય છે. આપણા સમાજને ધર્મના નશામાં રહેવાનું ગમે છે.  ગુનાહિત માનસિકતા ધરાવતા લોકોને ધર્મનો ઢાંચો સંરક્ષણ પ્રદાન કરે છે. જ્યારે

અંધશ્રદ્ધાળુ, પરંપરાવાદી, સંસ્કૃતિના હિમાયતી, ધાર્મિક–જાતિય શ્રેષ્ઠતામાં માનનારા લોકોને આ ધર્મનો ઢાંચો આશ્રય આપે છે. કોમવાદી માનસિકતા ધરાવતા રાજકીય પક્ષો માટે ધર્મ એ સત્તામાં ટકી રહેવાનું સાધન છે. ઈતિહાસમાં કદી પણ ધર્મને કારણે માનવીમાં સદ્‌ગુણો વિકસ્યા હોવાનું જણાયું નથી. તેનાથી ઊલ્ટું આ જ ધાર્મિક ઢાંચો એક માનવીને બીજા માનવીથી દૂર કરે છે માણસોને માણસાઈ અને તર્કશીલ અભિગમ અપનાવતા અવરોધે છે.

જો આ સડેલો ધાર્મિક ઢાંચો તોડવો હોય તો ધાર્મિક માન્યતાઓ અને ધર્મને તર્કની એરણ પર ચકાસીને ધર્મના તમામ દંભો સમાજની સામે ઉજાગર કરવા અને લોકોને આવા ધાર્મિક પ્રપંચોની સામે સંઘર્ષ કરવા માટે તૈયાર કરવા એ દરેક તર્કવાદી વ્યકિતઓની ફરજ છે.

ભગતસિંહે ધર્મ માટે કહ્યું હતું કે ‘જે પણ વિચારો તર્કની એરણ પર સાચા નથી ઉતરી શકતા તેવા તમામ વિચારોનું ખલાસ થઈ જવું જ યોગ્ય છે.’

કરસનદાસ મૂળજી જેવા સુધારાવાદી વ્યકિત કે જેમણે ધર્મમાં પ્રવેશેલા દૂષણોની સામે કોર્ટમાં લડયા અને અનેક પડકારો ઝીલીને જીત મેળવી તેમના સંઘર્ષને સો સો સલામ. ઈતિહાસમાં નોંધાયેલો આ કેસ આવનારા સમયમાં તમામ ધર્મોમાં પ્રવર્તમાન દુષણોની સામે લોકોને સંઘર્ષ કરવા માટે પ્રેરણા આપતો રહેશે.

## મૂળ વાત

આ બધા જે બનાવો બન્યા તે ડાળ–પાંખડા છે. એના મૂળને આપણે તપાસવું પડશે. મૂળ વાત એ છે કે જદુનાથ પોતે ‘ભગવાન’ હોવાનું જાહેર કરેલું, અને તેના ભકતો સાચા દિલથી એને ભગવાન માનતા હતા. દરેકને પોતાની મા–દિકરી–પત્ની–બેન વહાલા છે. જદુરાય સિવાયનો કોઈ પુરુષ જો એમનો સ્પર્શ પણ કરે તો તેઓ ઝઘડા કરે. બીજી બાજુ, તેઓ ખુશી ખુશી એ જ મહિલાઓને જદુરાય. એટલે કે ‘ભગવાનનો’ પ્રસાદ લેવા મોકલી આપે ! ટૂંકમાં....એટલે સમગ્ર સમાજનો બહુ મોટો ભાગ ઈશ્વર–ખુદા–ગોડના અસ્તિત્વમાં માને છે. એક યા બીજી ચાલાકી કરીને જદુનાથ જેવા પ્રપંચીઓ પોતે ‘ભગવાન’ હોવાનું ભકતો પાસે સ્વીકારાવે છે. આથી ‘મહારાજ’ ફિલ્મનો સાચો સંદેશ એ છે કે અપાર્થિવ તત્ત્વ હોવાની ગેરમાન્યતાઓમાંથી સમાજ બહાર આવે. અન્યથા, કોઈને કોઈ પ્રપંચી કોઈને કોઈ રીતે બીજા કોઈના નહીં, પરંતુ એના જ ભકતોના તન–મન–ધનનું શોષણ કરવા માટે ‘ભગવાન’ બની જશે ! વિદાય કરો તમારા મનપ્રદેશમાંથી આ ઈશ્વર–ખુદા–ગોડને !

# કાવડ યાત્રા અને કોમવાદ

–ડૉ. બી. એ. પરીખ

**કાવડયાત્રા અને કોમવાદ**

સમુદ્રમંથનમાં જ્યારે વિષ નીકળ્યું ત્યારે દેવ કે દાનવો કોઈએ પણ તે લેવાનો ઈનકાર કર્યો ત્યારે મુખ્ય ત્રણ દેવોમાંથી એક દેવ શિવ વહારે આવ્યા અને તેઓ આ વિષ ગટગટાવી ગયા. જો આ વિષ શિવના પેટમાં ઉતરી જાય તો તેમનું અવશ્ય અવસાન થાય. એટલે શિવે આ વિષને પેટમાં ન ઉતારતાં પોતાના ગળામાં જ અટકાવી દીધું. આ વિષ ગળામાં અટકાવી દેતાં શિવનું ગળુ કાળા–ભૂરા રંગનું બની ગયું. એટલે આ શિવનું એક નામ 'નીલકંઠ' પડયું છે, પણ આ વિષ ગળામાં જ ભરાઈ રહેતાં શિવને બળતરા તો થાય જ ને, આ બળતરાને શાંત પાડવા, વેદનાને થોડી હળવી કરવા શિવ ભકત રાવણે પવિત્ર ગંગા નદીના જળને એક પાત્રમાં લાવી જળથી અભિષેક કર્યો, સ્નાન કરાવ્યું. એ દિવસ શ્રાવણ સુદ પૂનમનો હતો. ત્યારથી દર વર્ષે શ્રાવણ સુદ પૂનમના દિવસે શિવનો જળાભિષેક થાય છે.

આજે આ ઉત્સવ–કર્મકાંડ કેવી રીતે થાય છે ?

આજે આ વાર્ષિક કર્મકાંડ–ઉત્સવ કરવા માટે શિવ ભકતો ગંગા નદીનું પાણી નદીના મુળ મુખ, નદીના ઉદ્ભવ સ્થાનો ઉપરથી લાવે છે. આ ગંગાજળ ભરેલાં પાત્રો–માટલીઓ દુરના અંતરે આવેલા શિવ મંદિરોમાં ઉચકીને લઈ જવામાં આવે આ ગંગાજળ ભરેલી માટલીઓ પાંચ સાત ફૂટની એક વાંસની પટ્ટીના બે છેડાઓ ઉપર દોરીથી બાંધી લટકાવી, વાંસની પટ્ટી ખભા ઉપર મુકી શિવભકતો શિવસ્થાનક સુધી પ્રવાસ કરે છે. વાંસની પટ્ટીથી પાણીના પાત્રો ઉચકવાનું આ સાધન તે કાવડ કહેવાય. આથી આ કાવડ ઉચકીને જનારા શિવ ભક્તો કાવડિયા કહેવાય અને શિવમંદિર સુધીનો પ્રવાસ તે કાવડયાત્રા કહેવાય. ચાલુ વરસમાં તમામ યાત્રાઓ મળીને ત્રણેક કરોડ જેટલા યાત્રીઓ જોડાયા હશે અને એક હજાર કરોડ રૂપિયા જેટલાં આર્થિક વ્યવહાર થયા હશે તેવો અંદાજ છે. કાવડયાત્રાનો સમયગાળો જુલાઈ ૨૦૨૪માં ૨૪ જુલાઈથી ઓગષ્ટ ૨ સુધીનો હતો.

કાવડ યાત્રાનો માર્ગ આરંભથી અંત સુધીનો નક્કી કરેલો હોય છે. તે માર્ગેજ યાત્રા જાય. આ માર્ગે ખાસ તો ખાણીપીણીની માંગ વધારે નીકળે છે. તેથી તે વેચવા હિંદુ–મુસલમાન અને અન્ય ધર્મોના ધંધાદારીઓ હાજર થઈ જાય છે. આ વેચનારા પૈકી વિધર્મી અને ખાસ તો મુસલમાન હોવાનું કાવડિયા જાણે તો તેની પાસેથી ખરીદી નહીં કરે એવા કોમવાદી હેતુથી ઉત્તરપ્રદેશની સરકારે ખાણીપીણીના સ્થળે માલિકનું નામ જાહેર કરવાનું ફરજિયાત કર્યું. આમ એક ધાર્મિક વિધિમાં સરકારી રાહે કોમવાદ દાખલ કરવામાં આવ્યો. એ નિર્ણયને સુપ્રિમ કોર્ટમાં પડકારાતા કોર્ટે એ હુકમનું પાલન નહીં થવા

દીધું પરિણામે કોમવાદ જેવા બીજા એક વિષને લોકોના પેટ પર જતા સુપ્રીમ કોર્ટે રોકયો. સારું થયું. આ અને આવા અનેક સરકારી નિર્ણયો કોમવાદની આગ સળગાવે છે. અવૈજ્ઞાનિકતાને પુષ્કળ વધારી દે છે. રેશનાલિસ્ટોએ આ બાબત બરાબર સમજવી જોઈએ. શકય હોય ત્યાં અને તેટલો એનો વિરોધ કરવો જોઈએ. કાવડયાત્રા કેટલી વૈજ્ઞાનિક છે કે નહીં તે ચર્ચાનો અલગ મુદ્દો છે. પરંતુ આવા કોઈ ધાર્મિક કાર્યક્રમમાં કોમવાદ તો ઘુસવો જોઈએ જ નહીં.

કાવડયાત્રા પ્રસંગે સરકારી આદેશો અને પ્રજાના કેટલાક જુથો વચ્ચેનો વિરોધનું કોઈ સમજદારીપૂર્વકનું નિરાકરણ ન આવે, બે પક્ષો વચ્ચે રસ્સી–ખેંચનું રાજકારણ પરિણમે, અને કદાચ હિંદુ મુસ્લિમ જુથો વચ્ચે વિવાદ અને વિખવાદનું કારણ પણ બની રહે. આપણને પ્રશ્ન થવો જોઈએ કે છેક ત્રેતા યુગથી આ શિવજળાભિષેકની પ્રથા ચાલી આવે છે તેની હકીકતમાં સત્યતા કેટલી ? રામાયણ, મહાભારત સમુદ્રમંથન વગેરે સાવ કાલ્પનિક દંતકથાઓ, માયથોલોજીકલ વાર્તાઓ છે. આવી વાર્તાઓ વાંચવી, સાંભળવી રોમાંચક લાગે, પણ આ પ્રમાણે ખરેખર હતુ, એવું દ્રઢ વિશ્વાસથી માનવું એ આપણી બુદ્ધિ, વિચારશક્તિ અને માનસિકતાની મશ્કરી' થવા જેવું છે. હા, ભારતની મોટાભાગની પ્રજા હજુ આજે પણ અંધશ્રદ્ધા અને તેના પરિણામે ઉપજતી વિચાર અને વિવેકવિહિનતાથી પીડાય છે. આજે પુરાના સમયથી ચાલી આવતી માન્યતાઓ, રિવાજો, કર્મકાંડો અર્થવિહીન અને કાલ વિસંગત બન્યા છે, એવા કર્મકાંડોમાં આ શિવ જલાભિષેકનો કર્મકાંડ એક છે. એક બાજુ આપણે આધુનિક બનવા તરફ જઈ રહ્યા છીએ અને બીજી બાજુ પુરાણા રિવાજોની પકડમાંથી છુટી શકતા નથી. અરે, એમાંથી છુટવાનો પ્રયાસ પણ કરતા નથી, અને સુધારક કહેવાય તેવા લોકોના તેવા વિચારોનો વિરોધ પણ થાય છે. આપણે એ પણ સમજી શકીએ છીએ કે વર્ષોથી એક પ્રકારના ધાર્મિક ઢાંચામાં જીવતા લોકોને આ ઢાંચાની પકડમાંથી નીકળવું બહુ મુશ્કેલ લાગે. તેમના માટે તેમને જીવનરીતિ પૂરેપુરી બદલાય તેવો આગ્રહ ન રાખીએ, પણ એટલું તો આગ્રહપુર્વક કહેવું જ જોઈએ કે તમે પોતાની રીતે ભલે જીવો, પણ જાહેરમાં અને જુથબંધ પ્રદર્શનોથી દુર રહો. આજની કાવડયાત્રા વિશેની સરકારની નીતિ વિશે પુનઃ વિચાર ન કરવામાં આવે તો તે હિંદુ–મુસ્લિમ ધ્રુવીકરણનની રાજનીતિ તરફ ધકેલાય તેવો ડર છે, આધુનિકતા અને પુરાણા નિયમોની જડતા વચ્ચે પણ આપના દેશમાં વિજ્ઞાનનો આજે ભરપુર ઉપયોગ કરીએ છીએ, અને તેના લાભો માણીએ છીએ, પણ આપણે વૈજ્ઞાનિક અભિગમ, વૈજ્ઞાનિક વિચારસરણીને સમજતા નથી. સમજવા માંગતા નથી. આ એક મોટી કરુણતા છે. આપણે આપણા દેશવાસીઓને આ કરુણતામાંથી મુક્ત કરવા સતત પ્રયત્નો કરતા રહેવાનું છે.

# અંધશ્રદ્ધા વિરુદ્ધ કડક કાયદો બનાવવા
# સત્યશોધક સભાની માંગ

### ઠગ ભગતોનું દૂષણ કાયદાથી જ નાબૂદ થઈ શકે : સૂર્યકાન્ત શાહ

ગુજરાત હાઈકોર્ટમાં પ્રખર રેશનાલિસ્ટો પાલનપુરના અશ્વિન કારીઆ અને ગિરીશ સુંઢિયાએ અંધશ્રદ્ધા નાબુદીનો ધારો ગુજરાત સરકાર ઘડે અને અમલમાં મુકે તેને માટે જાહેર હીતની અરજી કરી હતી, હાઈકોર્ટે પરિસ્થિતિની ગંભીરતા સમજીને તે અરજી દાખલ કરીને ગુજરાત સરકારને આ અંગે તેનો અભિપ્રાય જણાવવાની નોટિસ કાઢી હતી. ગુજરાત રાજ્યમાં અંધશ્રદ્ધા અને વહેમ ફેલાવીને અનેક તત્ત્વો રાજ્યની પ્રજાને તન, મન અને ધનથી લૂંટે છે. રોજે રોજ આવા બનાવો બને છે, પણ ઘણા પોલીસને ચોપડે નોંધાતા જ નથી. ગુજરાત હાઈકોર્ટે સરકારને નોટિસ પાઠવી તે સિદ્ધિના હકદાર છે, ખાસ તો અશ્વિન કારીઆ, ગિરીશ સૂંઢીઆ. એમની બનાસકાંઠા અંધશ્રદ્ધા નિર્મૂલન સમિતિ કે જેણે હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી કરી તેના થકી આ સિદ્ધિ મળી છે. પહેલી જ સુનાવણીમાં ગુજરાત સરકારે હકારાત્મક પ્રતિભાવ આપ્યો તે બદલ સરકારને પણ અભિનંદન.

–સૂર્યકાન્ત શાહ

### આનંદના સમાચાર

સમગ્ર ગુજરાતના રેશનાલિસ્ટોએ તેમ જ સમાજહિત ચિંતકોએ સાનંદ નોંધવાનું થાય છે કે ગુજરાત સરકારે હાઈકોર્ટને ખાતરી આપી છે કે તે આવતા સત્રમાં અંધશ્રદ્ધા નાબુદીધારો લાવશે. અનેક રેશનાલિસ્ટો જેવા કે જયંત પંડયા, માધુભાઈ કાકડિયા, સિદ્ધાર્થ દેગામી, (બધાં જ 'રમણભ્રમણ સુવર્ણચંદ્રક'થી આભૂષિત) સત્યશોધક સભાના અન્ય કાર્યકરો, આપણું 'સત્યાન્વેષણ' અને એવા અનેક કર્મઠ. સત્યશોધક કાર્યકરો આ સિદ્ધિના હકદાર છે.

RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration License No. SRT-716/2022-2024 (with prepayment of postage)

# સિસ્ટમ

હમણાં હમણાં આપણી વચ્ચે 'સિસ્ટમ' શબ્દનો ઉપયોગ વધવા માંડયો છે. કેટલાક એનો ઉચ્ચાર 'સિસ્ટમ' પણ કરે છે. આપણે શું નથી બોલતા 'આખી સિસ્ટમ જ સડી ગઈ છે ?' મુદ્દો એ છે કે આ સિસ્ટમ છે શું ? સિસ્ટમ પોતે એક એકમ છે. એ સમગ્રપણે કામ કરે છે. ઉદા. : આપણા ઘરમાં નળથી પાણી આવે છે. વોટરવર્કસ પાણી ઉલેચતા અને ધકેલતા પંપ, પાઈપલાઈન, અને ઘરમાંની નળની ચકલી આ બધાં ભેગા થઈ એક એકમ બને છે. આ એકમને પાણી પુરવઠા સિસ્ટમથી ઓળખાય. આમ આ સિસ્ટમ એકથી વધારે પેટા સિસ્ટમનો સરવાળો છે. દરેક પેટા–સિસ્ટમ પોતાનું કામ તો કરે જ છે, પરંતુ આગળ વધીને બીજી પેટ– સિસ્ટમની પૂરક બનીને કરે છે. આથી વિજ્ઞાન કહે છે કે સિસ્ટમમાં જે દરેક પેટા–સિસ્ટમ છે તેનો અલગ અભ્યાસ અને મૂલ્યાંકન અધૂરાં જ રહે છે. બધી પેટા–સિસ્ટમ ભેગી થઈને સિસ્ટમનું જે કામ કરે છે તે દરેક પેટા–સિસ્ટમના મૂલ્યાંકનથી ઘણું બધું વધારે છે. વિજ્ઞાનની આ વાત આપણે રેશનાલિસ્ટોને એ વૈજ્ઞાનિક અભિગમની ભેટ આપે છે કે કોઈ પણ સિસ્ટમમાં અને પેટા–સિસ્ટમના આંતરસંબંધો સમજવા ખૂબ જરૂરી છે. એક વ્યકિતનું અલગ મૂલ્યાંકન અધૂરું જ રહે, પરંતુ એ જ વ્યકિતના એનાં સગાં, સંબંધીઓ અને મિત્રો સાથેના સંબંધો અને વ્યવહારો થકી જ એનું સાચું મૂલ્યાંકન થાય. રેશનાલિસ્ટો માટે આ આંતરસંબંધોમાં તક મળે ત્યારે વધારે ને વધારે અભ્યાસ કરવો જરૂરી થઈ પડે છે, તો જ વિવેકને સમજી શકાય. જેને આપણે એક સિસ્ટમ માનીએ છીએ તે બીજી એક મોટી સિસ્ટમની પેટા–સિસ્ટમ બને છે. ઉપરના ઉદાહરણમાં પાણી પુરવઠા સિસ્ટમ નાગરપાલિકાની સમગ્ર સિસ્ટમની પેટા–સિસ્ટમ બને છે. આ જ પ્રમાણે આપણા શરીરના કોશ એક સિસ્ટમ કરે છે. આ કોશ પોતે ટીશ્યુ (Tissue) ની પેટા–સિસ્ટમ છે. ટીશ્યુ પોતે એક અંગ–ઉપાંગની પેટા–સિસ્ટમ છે. આમ આ ગૂંથણી આખા શરીર સુધી પહોંચે છે. શરીર પોતે પણ પર્યાવરણની પેટા–સિસ્ટમ છે. આમ આ ગૂંથણી પૃથ્વી નામની સિસ્ટમ સુધી પહોંચે છે. સૂર્યમંડળની સૂર્યમંડળ નિહારિકાની, નિહારિકાની સચરાચરની પણ સિસ્ટમ છે.

માલિક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સૂર્યકાન્ત સોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત–(ગુજરાત), ખાતે 'સત્યાન્વેષણ' છાપ્યું અને પ્રસિદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સૂર્યકાન્ત શાહ